મહા વિસ્ફોટ : શહેરમાં અધધ ૪૪૫ કેસ

સે. ૧૯ માં એક જ દિવસમાં ૨૭ કેસ નોંધાતા તંત્ર સ્તબ્ધ : સરગાસણમાં ૫૧, કુડાસણમાં ૪૨, વાવોલમાં ૩૭, પેથાપુરમાં ૧૪, રાયસણમાં ૧૨, સે. ૨૫ માં ૨૪, સે. ૨ માં ૨૨, સે. ૭ માં ૨૩, સે. ૧૨ માં ૧૨, સે. ૨૯ માં ૧૧, સે. ૩ માં ૧૪, સે. ૧૬ માં ૯, સે. ૮ માં ૬, સે. ૧૩ માં ૯, સે. ૫ માં ૧૪ કેસ : સે. ૧૭ માં સાડાચાર વર્ષનું બાળક સંક્રમિત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં આજે વધુ ૪૪૫ કેસ નોંધાયા છે આ સાથે શહેરમાં કેસોની સંખ્યા વધીને ૨૮૦૦ને પાર કરી ગઈ છે.

શહેરમાં સતત વધી રહેલા સંક્રમણને પગલે તંત્ર સતત દોડતુ રહ્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧૬ ટકાને પાર કરી ગયો છે. શહેરમાં સંક્રમણ જે ગતિએ વધુ રહ્યુ છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ અંગેની સૂચનાઓ જારી કરી છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્ક માટે પણ સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં એક જ દિવસમાં ૨૭ કેસ નોંધાતા તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે. આ સેક્ટર હોટ સ્પોટ તરીકે ઉભરી આવ્યુ છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ૨૩૯ કેસ આજે નોંધાયા છે. સેક્ટરોમાં સંક્રમણ વેગીલુ બન્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૭૩ મહિલા, ૨૦ દર્દીઓ ૬૦ કે તેથી વધુ વયના તથા ૧૦ કે તેથી ઓછી વય ધરાવતા ૧૨ દર્દીઓ અને ૧૧ થી ૨૦ વર્ષની આયુ ધરાવતા ૨૨ થી વધુ દર્દીઓ નોંધાયા છે.

શહેરમાં મહિલા અને બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્ર ચિંતાતુર છે તેમાંય આ વખતે પ્રથમ અને બીજી લ્હેર કરતાં મહિલા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે તેમજ બાળ-દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે.

આ વખતે માઈલ્ડ લક્ષણો ધરાવતો વેરિએન્ટ હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકો વધુ પસંદ કરી રહ્યા છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૫૧, કુડાસણમાં ૪૨, વાવોલમાં ૩૭, રાયસણમાં ૧૨, પેથાપુરમાં ૧૪ કેસ નોંધાયા છે.

બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ જીઈબી કોલોનીમાં આજે ૬ કેસ નોંધાયા છે. રાંધેજામાં ૫ કેસ, આઈ.આઈ.ટી. શૈક્ષણિક સંકુલમાં ૯ કેસ નોંધાયા છે. ઈન્ફોસીટી વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨૫ માં ૨૪ કેસ, સે. ૨ માં ૨૨ કેસ, સે. ૭ માં ૨૩ કેસ, સે. ૧૨ માં ૧૨ કેસ, સે. ૫ માં ૧૪ કેસ, સે. ૧૩ માં ૯ કેસ, સે. ૨૬ માં ૯ કેસ, સે. ૩૦ માં ૭ કેસ, સે. ૬ માં ૬ કેસ, સે. ૨૯ માં ૧૧ કેસ, સે. ૮ માં ૬ કેસ, સે. ૨૩ માં ૫ કેસ, સે. ૨૭ માં ૪ કેસ, સે. ૧૭ માં ૫ કેસ, સે. ૪ માં ૪ કેસ નોંધાયા છે.

શહેરમાં ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા કેસો જે નોંધાયા છે તેમાં સાડાચાર વર્ષનુ નાનુ બાળક સે. ૧૭માં, ૭ વર્ષનો વાવોલનો દિકરો, ૯ વર્ષની પેથાપુરની દિકરી, ૯ વર્ષનો દિકરો સરગાસણમાં, ૧૦ વર્ષની દિકરી સે. ૭ માં, ૫ વર્ષનો દિકરો સે. ૩ માં, ૯ વર્ષની દિકરી પેથાપુરમાં, ૬ વર્ષનો દિકરો સે. ૪ માં, ૯ વર્ષનો દિકરો કુડાસણમાં, અને સે. ૧૬ માં ૯ વર્ષનો દિકરાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૪૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા ૪ દિવસમાં ૪૫૦ થી વધુ દર્દીને રજા આપવામાં આવી છે જે સારો રિકવરી રેટ હોવાનું સૂચવે છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૯૦૦ જેટલી છે જે હાલ સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે. શહેરમાં ૧૫ હજાર લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામ્યમાં કોરોનાના નવા ૧૭૯ કેસ

૯૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું : દહેગામમાં ૨૧, ગાંધીનગરમાં ૫૫, કલોલમાં ૬૫, માણસામાં ૩૮ કેસ નોંધાયા : ૬૨ મહિલા દર્દી, ૩૧ વિદ્યાર્થી તેમજ પાંચ દસ વર્ષથી નાના બાળકો સંક્રમિતોની યાદીમાં

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૭૯ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોની સંખ્યા એક હજારને પાર થઈ છે અને હવે આ સંખ્યા ૧૧૩૪ થઈ છે.

ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત વધ-ઘટ થતી રહેતી હોવાથી તંત્રની ચિંતા અને દોડધામ વધી છે. દહેગામ અને માણસામાં પણ કોરોનાના કેસોની સંખ્યા વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૨૧, ગાંધીનગરમાં ૫૫, કલોલમાં ૬૫ અને માણસામાં ૩૮ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષથી ઓછી આયુ ધરાવતા પાંચ બાળકો સંક્રમિત થયા છે. જેમાં હિંમતપુરામાં ૪ વર્ષનું બાળક, માણસા અર્બનમાં ૩ વર્ષનું અને ૬ વર્ષનું બાળક, પરબતપુરામાં ૫ વર્ષની દિકરી તેમજ અડાલજમાં ૯ વર્ષનું બાળક સંક્રમિત થયુ છે. બાળ દર્દીઓ નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૬૨ મહિલા દર્દી, ૩૧ વિદ્યાર્થી, ૬૦ કે તેથી વધુ વયના ૧૮ દર્દી નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં બે મંદિરના પૂજારી, ટી.એચ.ઓ.ના સુપરવાઈઝર, એક મેડીકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશ્યન, એપોલો હોસ્પિટલનો કર્મયોગી, એક ડ્રાયવરનો પણ સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાં આજે દહેગામ શહેરમાં ૧૭ કેસ ઉપરાંત રખિયાલ, સાંપાના એક-એક કેસ જ્યારે નાંદોલમાં બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં ૫૫ કેસ નોંધાયા છે જેમાં પ્રવાસધાન અડાલજમાં ૨૪ કેસ નોંધાયા છે. છાલામાં ૪ કેસ, શેરથામાં ૪ કેસ, ઉવારસદમાં ૬ કેસ, વલાદમાં ૨ કેસ, ચંદ્રાલામાં ૨ કેસ, જમિયતપુરા-દંતાલી, ઉનાવા, એરફોર્સ સ્ટેશન, રૂપાલ, લવારપુર, કાનપુર, ધણપ, સી.આર.પી.એફ. કેમ્પમાં કેસો નોંધાયા છે.

કલોલ તાલુકામાં આજે ૬૫ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરમાં ૩૮ કેસ, બોરીસણમાં ૯ કેસ, ખાત્રજમાં ૩, નારદીપુરમાં ૨, ડીંગુચામાં ૬ કેસ, પાનસરમાં બે, જેઠલજ, રકનપુર, ખોલા, મોખાસણમાં કેસો મળી આવેલ છે.

માણસામાં આજે ૩૮ કેસ નોંધાયા છે. જેમાં માણસા અર્બનમાં ૨૪ કેસ નોંધાયા છે. બાપુપુરામાં ૨, વાગોસણામાં ૪, હિંમતપુરામાં બે, ઉપરાંત અંબોડ, દેલવાડ, લોદરા, આમજા, બાલવા, પ્રતાપપુરામાં કેસો નોંધાયેલા છે.

આજે નોંધાયેલ કેસમાંથી પાંચને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં ૪૫૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૮૪ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવેલા છે.

તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે ટેસ્ટીંગ વધારવા માટે અને કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત પાલન તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે સૂચનાઓ આપી છે.

બેસણું

સ્વ. વાઘેલા કેસરબા મગનસિંહ

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પરમ પૂજ્ય માતાશ્રી **સ્વ. વાઘેલા કેસરબા મગનસિંહ** તારીખ ૧૫/૧/૨૦૨૨, શનિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના.

બેસણું તા. ૨૧/૧/૨૦૨૨, શુક્રવાર
સમય : સવારે ૯ થી ૨ દરમિયાન
સ્થળ : ધરમપુર રોડ, પાણીની ટાંકી પાસે, લેકાડાવા, તા.જી. ગાંધીનગર

નટવરસિંહ મગનસિંહ વાઘેલા (પુત્ર)
અમરસિંહ મગનસિંહ વાઘેલા (પુત્ર)
(ભાજપ તાલુકા ઉપપ્રમુખ)
ધનરાજસિંહ જગતસિંહ વાઘેલા (પૌત્ર)
જસવંતસિંહ દોલતસિંહ વાઘેલા (ભત્રીજા)
ભુપેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા (ભત્રીજા)
લાલસિંહ કેશરીસિંહ વાઘેલા (ભત્રીજા)
ઈન્દ્રસિંહ અમરસિંહ વાઘેલા (પૌત્ર)
અનિલસિંહ અમરસિંહ વાઘેલા (પૌત્ર)
જીતેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા (પૌત્ર)
નરેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા (પૌત્ર)
હર્ષવર્ધનસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા (પૌત્ર)
Mo. 98242 61032
Mo. 90334 35310

પ્રાર્થનાંજલિ

સ્વ. જે. પી. મહેતા
સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

ધુપસળી જેવું જીવન જીવી ગયા,
ખુદ જ્યોત બની બધાનું જીવન પ્રકાશિત કરી ગયા,
જીવનમાં દરેક પ્રસંગે એક માર્ગદર્શક બની ગયા,
વસમું છે જીવન હવે તમારા વગર
આંખોના અશ્રુ બની આંખોમાં જ સમાઈ ગયા.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

વિ.
રાજુલ - સ્નેહા ● શ્રેયા - પ્રહરકુમાર - સ્વરા
હિતા - આલાપકુમાર - આરોહી
નિપુલ - કિષ્ના - જયમીન - કૃપા
નીલ - મેઘા - ખનિષ્કા
સુકેતુ - જિજ્ઞાસા ● નિધી - નિલકુમાર

સેકટરો અને ન્યુ-ગાંધીનગરના વિસ્તારમાં માર્ગો ઉબડખાબડ બન્યા

સેકટરોમાં ચાર વર્ષના નિયત સમયગાળા બાદ પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ પણ હાલ બંધ છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ગત મહીના દરમિયાન યુધ્ધના ધોરણે માર્ગોની સુધારણા તેમજ બ્યુટિફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંત વાઈબ્રન્ટ બંધ રહેતા રસ્તાના કામો પણ અટવાયા છે. બીજીતરફ સેકટરોમાં પણ નિયત સમયગાળાના અંતે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. નવા સેકટરોમાં ચાર વર્ષના અંતે પણ માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરાયુ નથી. જયારે કુડાસણ અને સરગાસણમાં પણ માર્ગાની હાલત અત્યંત ખરાબ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરના સે-૧ થી ૫ માં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેકટરો તેમજ ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ સુધારણાનુ કામ પુરજોશમાં હાથ ધરાયુ હતુ જેમાં વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરને ધ્યાનમાં રાખી વિવિધ માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવી હતી જયારે વાઈબ્રન્ટ પણ આખરે બંધ રહેતા મુખ્યમાર્ગોની સુધારણા તેમજ બ્યુટિફિકેશનની કામગીરી પણ પડતી મુકવામાં આવી છે. બીજીતરફ શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી આંતરિક માર્ગોની દશા બેઠી છે. સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. નવા સેકટરોમાં અંદાજિત માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કર્યાને ચાર વર્ષ જેટલો સમય વિતી ગયો છે. સેકટરોમાં હાલ આંતરિક માર્ગો પર ઉબડ ખાબડ સ્થિતિ છે. ઠેર ઠેર ખાડા ટેકરા જોવા મળે છે. વરસાદી દિવસોમાં પણ માર્ગોનુ ધોવાણ થયુ છે. જેના લીધે રસ્તાઓની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા માટે ગત મહીના દરમિયાન તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. જો કે હજુ સુધી આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી જેના લીધે સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ અધ્ધરતાલ છે. જયારે સેકટરોની સાથે નવ વિકસિત વિસ્તારમાં પણ માર્ગો ખરાબ થઈ ગયા છે. કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં પણ ઠેર ઠેર માર્ગોની દશા ખરાબ છે. માર્ગો મગરની પીઠ જેવા બનતા સ્થાનિકોને પણ હાલાકી વેઠી રહ્યા છે કેટલાક વિસ્તારમાં માર્ગ સલાતમી જોખમાઈ છે. સેકટરો તેમજ કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં માર્ગ સુધારણાના કામોને અનુલક્ષી સર્વે હાથ ધરવામાં આવે તે પણ અનિવાર્ય છે. એકબાજુ શહેરના સેકટરોમાં ગટર લાઈનનુ કામ પણ ટુંકમાં હાથ ધરવામાં આવનાર છે. જેના લીધે સેકટરોમાં આંતરિક માર્ગાનુ કામ હાલ પુરતુ બંધ રાખવા માટે પણ વિભાગે નિર્ણય કર્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ સે-૨૮ અને સે-૨૯ માં પણ માર્ગ સુધારણાની કામગીરી મંજુર કરી દેવામાં આવી હોવા છતા આ કામ હજુ સુધી શરૂ કરાયુ નથી શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા

● અનુસંધાન પાન-૭ પર

@ ગાંધીનગર

● કોરોના અધિકારીઓના આંગણે

સચિવાલય સહિતની સરકારી નાની-મોટી કચેરીઓના અધિકારીઓ ત્રીજી લહેરમાં વ્યાપક રીતે સંક્રમિત થયા છે. ખાસ કરીને જિલ્લાકક્ષાની અને રાજ્યકક્ષાની પ્રજાલક્ષી કામગીરી કરતાં અધિકારીઓ કોરોનામાં સપડાતા રોજીંદી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. સચિવાલયના સનદિ અધિકારીઓ કે જિલ્લાકક્ષાના વર્ગ એક-બે ના અધિકારીઓ ખુબ મોટી સંખ્યામાં ઝપટમાં આવી ગયા છે અને એના કારણે એમના પરિવારો પણ આખેઆખા સંક્રમિત થયા છે. જાણે કે કોરોના અધિકારીઓના આંગણે.

● કુલદિપ આર્ય લોકપ્રિય બનતા જાય છે

ઉમદા અને કર્મનિષ્ઠ સનદી અધિકારીની છાપ ધરાવતા ગાંધીનગરના કલેક્ટર કુલદિપ આર્ય દિન-પ્રતિદિન લોક ચાહના વધુ ને વધુ મેળવતા જાય છે. કોરોનાની ત્રણેય લહેરમાં અસરકારક કાર્યશૈલી અને ત્વરીત નિર્ણય શક્તિના કારણે જિલ્લાના નાગરીકો પર લોકપ્રિય અધિકારીની છાપ છોડે છે. કોઈપણ જાતના વિવાદ વગર નિયમોના પાલનના આગ્રહી કુલદિપ આર્ય સમયસર કચેરીમાં આવે છે અને સમયસર જાય છે. કર્મચારીઓ અને અધિકારીઓ સાથે પણ ખુબ જ સરળ અને સહજતાથી કામ લેવાની આવડતને કારણે સ્ટાફમાં પણ સન્માનનીય છે.

● પ્રજ્ઞાબહેનનું તપ રંગ લાવે છે

શહેરના સંવેદનશીલ કાર્યકર, જાણીતા સાહિત્ય સર્જક અને નિવૃત્ત અધિકારી પ્રજ્ઞાબેન પટેલ છેલ્લા દાયકાથી પીડીત વંચિત બાળકો અને વાંચન પ્રવૃત્તિ માટે ધુણી ધખાવીને કામ કરે છે. પુસ્તક પરબની વધતી લોકપ્રિયતા પ્રજ્ઞાબેનના તપને આભારી છે એમ કહેવામાં સહેજેય અતિશયોક્તિ નથી. નિયમિત પુસ્તકો એકત્ર કરવા, નિયત સમયમાં ગોઠવવાથી માંડીને યોગ્ય જાળવણી અને માવજત પણ એટલી જ નિષ્ઠાથી રાખવાનું પ્રજ્ઞાબેનને જ આભારી છે. 'આત્મન'ના માધ્યમથી પીડિત-વંચિત બાળકોને સ્વચ્છતા અને શિક્ષણના સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય કરતાં પ્રજ્ઞાબેનનું સ્વપ્ન 'રેવા ગ્રામ'ના નામે સાકાર થઈ રહ્યું છે. શક્તિશાળી નાનકડા વિચારને કેવા અને કેટલા ફલક ઉપર વિસ્તારી શકાય છે એનું પ્રેરક ઉદાહરણ એટલે પ્રજ્ઞાબેન પટેલનું સાતત્યપૂર્ણ તપ.

ચિંતા : પાટનગરમાં જ મહિલા જન્મદર ૯૨૩ નોંધાયો..!!

વર્ષ ૨૦૨૧માં ૨૩૧૨ પુરૂષ બાળકો સામે સામે ૨૧૩૪ મહિલા બાળકોનો જન્મ : જોકે શહેરમાં એકપણ બાળકનું જન્મ સમયે મૃત્યું નોંધાયું નથી તે આવકારદાયક બાબત

ગાંધીનગર તા. ૧૯

રાજ્યભરમાં જ્યારે જ્યારે પણ પુરૂષ-મહિલા જન્મદરની વાત આવે છે ત્યારે પુરૂષ જન્મદરની સામે મહિલાઓનો જન્મદર ઓછો હોવાની ફરિયાદો હંમેશા ઉઠવા પામી છે. સરકાર દ્વારા પુરૂષ અને મહિલા જન્મદરને સરખો કરવા માટે બેટી બચાવો બેટી વધાવો જેવા કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવી ચુકયાં છે પરંતુ રાજયના પાટનગર ગાંધીનગરમાં જ આ તફાવત ઊડીને આંખે વળગે તેવો જણાઈ રહ્યો છે. ગત વર્ષે શહેરમાં દર હજાર પુરૂષ જન્મ સામે મહિલા જન્મદર ૯૨૩ જ નોંધાવા પામ્યો હતો. બીજી તરફ વર્ષ ૨૦૨૧માં ગાંધીનગરમાં એકપણ બાળકનું જન્મ સમયે મૃત્યુ નોંધાયું નથી તે એક ચોંકાવનારી પરંતુ આવકારદાયક બાબત કહી શકાય.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળની એક અખબારી યાદી જણાવે છે કે વર્ષ ૨૦૨૧માં શહેરમાં કુલ ૪૪૪૬ બાળકોના જન્મ થયાં હતો તે પૈકી જન્મેલ ૨૩૧૨ બાળકો પુરૂષ હતા જ્યારે બાળકો ૨૧૩૪ બાળકો મહિલા હતાં જેનો સીધો મતલબ છે કે ગાંધીનગર જેવા શિક્ષિત શહેરમાં પણ દર હજાર પુરૂષોએ માત્ર ૯૨૩ મહિલાઓનો જન્મદર છે જે સમાજ માટે ચિંતાજનક અને વિચારણીય બાબત ગણી શકાય. છેલ્લાં ઘણાં વર્ષોથી ગાંધીનગરમાં મહિલા જન્મદર પુરૂષ હંમેશા ઓછો રહેવા પામે છે જે સામાજિક અસમતુલા ઉભી કરી રહ્યો છે. જોકે વર્ષ ૨૦૨૧માં ગાંધીનગરમાં કુલ ૩૭૫૬ મરણ નોંધાયા હતા જે પૈકી પુરૂષોની સંખ્યા ૨૧૮૯ અને મહિલાઓની સંખ્યા ૧૫૬૭ હતી મતલબ કે દર હજાર પુરૂષોના મૃત્યુ સામે માત્ર ૭૧૬ મહિલાઓના મૃત્યુ નોંધાયાં હતાં. શહેરમાં જન્મ અને મરણના આંકડાઓમાં સૌથી વધુ નોંધપાત્ર અને આવકારદાયક બાબત તો એ છે કે વર્ષ ૨૦૨૧માં ગાંધીનગરમાં એકપણ બાળકનું જન્મ સમયે મૃત્યુ નોંધાયું નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com